# ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીનાં બાળગીતો અને બાળવાર્તાઓ

## શિક્ષણમંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાનો ગુજરાતની પ્રજાને સંદેશ



ગુજરાતનાં મારાં પ્રિય પ્રજાજનો...
સાદર વંદન.

અત્યારે આપણા બધા માટે કસોટીનો કાળ ચાલી રહ્યો છે. પરંતુ આપણું સદ્‌ભાગ્ય છે કે આપણને અત્યારે એવું સમર્થ નેતૃત્વ સાંપડ્યું છે કે જે સમગ્ર ભારતના જનસામાન્યની ચિંતા કરી રહ્યું છે. બધાને એવું પ્રતીત થઈ રહ્યું છે કે આદરણીય નરેન્દ્રભાઈ મોદી દેશના કરોડો પરિવારના વડીલ છે.

ગુજરાત સરકાર પણ સમગ્રપણે જનતા-જનાર્દનની સતત ચિંતા અને આવશ્યક બધી વ્યવસ્થાઓ કરી રહી છે.

ગુજરાતની અનેક શિક્ષણસંસ્થાઓ ઘર-ઘર સુધી શિક્ષણ અને સંસ્કારની વાતો સરસ રીતે પહોંચાડી રહી છે.

આવા સંજોગોમાં ગુજરાતની એક અનોખી યુનિવર્સિટી એવી ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીએ પણ અનોખી પહેલ કરી છે. બાળકના સમગ્ર વિકાસ માટે અનેક પ્રકારનાં સંશોધનો, કાર્યક્રમો અને પ્રયોગો આ યુનિવર્સિટીએ હાથ ધર્યાં છે.

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીએ ગુજરાતની પ્રજા સમક્ષ ૩૮૦ બાળવાર્તાઓનો વિપુલ ખજાનો ખુલ્લો મૂક્યો છે. વાર્તા એ બાળકોનો અત્યંત પ્રિય વિષય છે. એ બાળકની કલ્પનાશક્તિ અને સર્જનશક્તિનો વિકાસ કરે છે. એની ભાષાને પણ સમૃધ્ધ બનાવે છે.

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીની બીજી પણ એક મજાની પહેલ છે. પાંચથી બાર વર્ષનાં બાળકોને ખૂબ મજા આવે એવાં સુંદર બાળગીતો, દેશભક્તિ ગીતો અને ભાવગીતોનો એક સંપુટ પણ પ્રસ્તુત કર્યો છે, જેમાં ૩૫ ગીતોનો સમાવેશ થાય છે. કર્ણપ્રિય અને મનોરંજક એવાં આ ગીતોનો અભિનય સાથે સુભગ સમન્વય પણ કરી શકાય તેમ છે.

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના ઉત્સાહી કુલપતિ શ્રી હર્ષદભાઈ શાહે આવી પહેલ કરવાનો પ્રશંસનીય પ્રયાસ કર્યો છે. હું એમને હાર્દિક અભિનંદન આપું છું અને ગુજરાતની પ્રજાને બાળવાર્તા અને બાળગીતોના અમૂલ્ય ખજાનાનો લાભ લેવા હૃદયપૂર્વક અનુરોધ કરું છું.

આપનો
ભૂપેન્દ્રસિંહ ચુડાસમા

## **ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના કુલપતિ શ્રી હર્ષદભાઈ શાહનો ગુજરાતની પ્રજાને સંદેશ**



મારાં પ્રિય ગુજરાતનાં પ્રજાજનો....
નમસ્કાર.

અત્યારના વૈશ્વિક સંકટની સામે આપણે બધા એક થઈને ઝઝૂમી રહ્યા છીએ. આપણી પાસે વૈશ્વિક સ્તરનું સમર્થ નેતૃત્વ છે.

૨૧ દિવસના લાંબા ગાળા સુધી ઘરમાં જ રહેવાનો આદેશ પાળવો અઘરો જરૂર લાગે પણ એને રસપ્રદ અને લાભદાયી બનાવવાનાં બે સુંદર માધ્યમો છે -- વાર્તા અને ગીત.

બાળક સતત ઇચ્છતું હોય કે તેને કોઈ વાર્તા કહે. પણ આજકાલ માતા, પિતા અને પરિવારજનો પાસે રોજ નવી નવી વાર્તા કહી શકાય એવો ખજાનો હોતો નથી...કદાચ સમય પણ હોતો નથી. આને પરિણામે બાળકની વાર્તા સાંભળવાની ઇચ્છા અતૃપ્ત રહી જાય છે. સદ્‌ભાગ્ય હોય કોઈ કુટુંબનું...અને જો દાદા-દાદીનું માનભર્યું સ્થાન એ ઘરમાં હોય તો વળી વાર્તાઓને બાળકના કાન સુધી અથડાવાની મોકળાશ મળે !

વાર્તામાં તો અદ્‌ભુત સામર્થ્ય છે. એ શું શું કરી શકે એ સમજવા જેવું છે.

વાર્તા એટલે --
-- સંસ્કારોની સરિતા...
-- આનંદ-ઉમંગનું ખળખળ વહેતું ઝરણું...
-- કલ્પનાના આકાશમાં વિહાર...
-- શબ્દોનો મહાસાગર...
-- નવસર્જનનું અમોઘ સાધન...

બાળક વાર્તાનાં કાલ્પનિક પાત્રો સાથે સમરસ થઈ જાય, એમનાં સુખ-દુઃખ એને પોતાનાં સુખ-દુઃખ લાગવા માંડે અને એની સંવેદના જાગી ઊઠે... એ જ વાર્તાની ફલશ્રુતિ હોઈ શકે. વાર્તામાં ખોવાઈ જવાની એને મજા પડે.

એવું જ એક અદ્‌ભુત માધ્યમ છે ગીતોનું. બાળકને જો નાનપણથી જ સંગીત સાથે જોડ્યો હોય તો એ એક સંવેદનશીલ મનુષ્ય તરીકે ઊભરી આવે.

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીએ ઘણાં બાળગીતો, દેશભક્તિ ગીતો અને ભાવગીતો સંગીતબદ્ધ કર્યાં છે. એ ૩૫ ગીતો પણ આ સાથે પ્રસ્તુત છે જેની સાથે અભિનય પણ શિખવાડી શકાય.

તો, યુનિવર્સિટી અત્યારના સંજોગોને ધ્યાનમાં લઈ આપની સમક્ષ ૩૮૦ બાળવાર્તાઓ અને ૩૫ કર્ણપ્રિય ગીતોનો ખજાનો ખુલ્લો મૂકી રહી છે, જેનો ઉપયોગ કરી ગુજરાતનાં પરિવારજનો બાળકોનો આનંદ પણ વધારી શકશે અને એમને સર્જનાત્મક રીતે પ્રવૃત્ત પણ રાખી શકશે.

**આ બંને લિંક આ પત્રમાં દેખાતા વાદળી રંગના શબ્દોને સ્પર્શવાથી  વિનામૂલ્યે ખૂલશે.**

આપનાં સ્વજનો અને મિત્રો સુધી આ પહોંચાડશો તો બાળકો ખુશખુશાલ થશે.

ધન્યવાદ.

આપનો સ્નેહાધીન
હર્ષદ પ્ર.શાહ
કુલપતિ
ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, ગાંધીનગર